## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



હે બાપા... બુલેટ ટ્રેઈનમાં પાટા તો હશે ને...???

# સેક્ટરોની સોલાર સ્ટ્રીટલાઈટની બેટરીઓ ચોરવા ગેંગ સક્રિય

### સે. ૬માં રહીશો જાગી જતા ચોરોને બેટરી મુકી ભાગવુ પડ્યું

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરના સેક્ટર્સમાં સોલાર સ્ટ્રીટલાઈટ્સ મુકવામાં આવેલી છે. જે ચાર્જીંગ બેટરીના સહારે દિવસભર ચાર્જ થઈ રાત્રે પ્રકાશ આપે છે. શહેરમાં ચોરોએ હવે આ બેટરીઓ પર નજર બગાડી છે. તાજેતરમાં સેક્ટર-૬માં સ્ટ્રીટલાઈટની બેટરીઓ ચોરવા આવેલા ચોરોને જાગૃત રહીશોએ ભગાડ્યા હતા. આ ઘટનાથી હવે મ્યુનિસિપલ કોર્પોરેશને હવે આ બેટરીઓની સલામતી અંગે પણ વિચારવાની જરૂરિયાત ઉભી થવા પામી છે.

સેક્ટર-૬ જે વોર્ડમાં સમાવિષ્ટ છે તે વોર્ડ નં. ૭ના કોર્પોરેટર હિરલબેન જોષીએ મ્યુનિસિપલ કમિશનરને લેખિત જાણ કરી છે કે સોલાર સ્ટ્રીટલાઈટની બેટરીઓની મરામત તો બરાબર થતી નથી અને હવે બેટરી ચોરતી ગેંગ પણ સક્રિય થવા પામી છે. મંગળવારે રાત્રે સેક્ટર-૬માં સ્ટ્રીટલાઈટની બેટરીઓ ચોરવા ગેંગે પ્રયાસ કર્યો હતો પરંતુ તે વિસ્તારના નાગરિકો જાગી જતા ચોરોને બેટરી મુકી ભાગી જવુ પડ્યું હતું. આ ઘટનાને સંદર્ભે કોર્પોરેટરે સેક્ટર-૬ પોલીસ સ્ટેશને પણ લેખિત જાણ કરી બેટરીઓ સહિત વસાહતીઓની સુરક્ષા તથા જાહેર મિલ્કતની ચોરી અટકાવવા પગલાં લેવા માંગ કરી છે.

# સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ દ્વારા પિતૃ-તર્પણનું આયોજન

ગાંધીનગર, તા.૧૪

સમસ્ત બ્રહ્મસમાજ, સે-૨૬ દ્વારા તા. ૨૦-૯-૨૦૧૭ને સવારે ૭ થી ૯ દરમિયાન સે-૨૭ના રંગમંચ ખાતે સર્વ પિતૃ અમાવસ્યા નિમિત્તે સ્વર્ગસ્થ પિતૃઓના મોક્ષાર્થે પિતૃ-તર્પણ તેમજ વિષ્ણુ સહસ્ત્ર પાઠ/પૂજાનું પણ આયોજન કરેલ છે તો પિતૃ-તર્પણ કરવા ઈચ્છતા સે-૨૬ના બ્રહ્મબંધુઓએ સહમંત્રી ડૉ. દિવ્યેશભાઈ શાસ્ત્રીનો સંપર્ક કરવા પ્રમુખ મહેશભાઈએ અનુરોધ કર્યો છે.

# સે-૭ અને સે-૧૪ના બે વૃધ્ધોને સ્વાઈન ફલુ પોઝીટીવ આવ્યા

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરમાં સ્વાઈન ફલુના વધુ બે કેસ મળી આવ્યા છે. આ સાથે શહેરમાં સ્વાઈન ફલુના કેસોની સંખ્યા વધીને ૫૧ થઈ છે.

શહેરમાં સ્વાઈન ફલુના જે બે કેસ મળ્યા છે તે બંને વૃધ્ધ છે. જે પૈકી સે-૭ના ૭૬ વર્ષીય વૃધ્ધને ગાંધીનગરની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. જયારે સે-૧૪ના ૬૩ વર્ષીય વૃધ્ધને સારવાર માટે ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બંને દર્દીની સ્થિતિ સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

શહેરમાં હાલ એક દર્દી ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે જયારે એક દર્દીને હોમ આઈસોલેશનમાં સારવાર આપવામાં આવી રહી છે. શહેરમાં તંત્ર દ્વારા ત્રીજા તબક્કાના સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે. સર્વેલન્સ દરમિયાન કોઈ જ શંકાસ્પદ કેસ આજે મળ્યા નહિ હોવાનું જાણવા મળેલ છે.



ગુડા દ્વારા બે કરોડના ખર્ચે એલ ઈ ડી સ્ટ્રીટ લાઈટના કામો હાથ ધરવામાં આવનાર છે. જેના ભાગરૂપે આજે પીંપળજ ગામમાં એલ ઈ ડી લાઈટની સુવિધા ઉભી કરવા માટે રૂ ૯ લાખના ખર્ચે કામનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગુડાના ચેરમેન આશિષ દવે, ધારાસભ્ય અશોક પટેલ તેમજ તાલુકા પંચાયત પ્રમુખ કાળસિંહ સહીત ગામના આગેવાનો હાજર રહયા હતા.

# ગુજરાતમાં ૧૭મીથી ઈન્ટરનેશનલ બુધ્ધિસ્ટ કોન્ફરન્સ

ગાંધીનગર, તા. ૧૪

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની ઈન્ટરનેશનલ બુધ્ધિસ્ટ કોન્ફરન્સમાં ભાગ લેવા આવેલા ૩૦ જેટલા બુધ્ધિસ્ટ મોન્કસ-સંતોએ ગાંધીનગરમાં મુલાકાત લીધી હતી.

આગામી તા.૧૭ સપ્ટેમ્બરથી ૨૩ સપ્ટેમ્બર દરમિયાન ગુજરાતમાં આ કોન્ફરન્સનું આયોજન થયું છે.

મુખ્યમંત્રીને મળીને આ બુધ્ધિસ્ટ મોન્કસે ગુજરાત સરકારે બુધ્ધિસ્ટ કોન્ફરન્સ યોજવા માટે આપેલા સહયોગ અંગે આભાર વ્યકત કરવા સાથે મુખ્યમંત્રીનું સન્માન કર્યુ હતું.

વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં બુદ્ધ વિરાસતના પૂરાતત્વીય સ્થાન દેવનીમોરીને જોડતી બુધ્ધિસ્ટ ટૂરિઝમ સરકીટ રાજ્ય સરકાર શરૂ કરવાની છે તેની ભૂમિકા આપી હતી.

મુખ્યમંત્રીએ કહ્યું કે, ગૌતમ બુદ્ધે વિશ્વને શાંતિ-પ્રેમનો જે સંદેશ આપ્યો છે, આત્માના ઉત્થાન માટેનો જે માર્ગ અપનાવ્યો છે તેને વિશ્વ આખાએ અનુસરવો એ સમયની માંગ છે.

તેમણે બુધ્ધ અને મહાવીર જેવા પ્રતિષ્ઠિત, આધ્યાત્મિક આત્માઓનું સાક્ષી ગુજરાત બન્યું છે તે માટે ગૌરવ વ્યકત કરતાં બુદ્ધ, હિન્દુ સૌ સાથે મળીને સ્પીરીચ્યુઆલિટીના માર્ગે જ શાંતિ-વિકાસ અપનાવી શકાશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો.

મુખ્યમંત્રીએ મ્યાનમાર અને રંગૂનથી પણ આ કોન્ફરન્સમાં ભાગ લેવા આવેલા બુદ્ધિસ્ટ મોન્કસ સાથે તેમના રંગૂનના સંસ્મરણો તાજા કર્યા હતા. આ વેળાએ મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કૈલાસનાથન, અગ્રસચિવ એમ. કે. દાસ અને સચિવ અશ્વિનીકુમાર ઉપસ્થિત રહ્યા હતા.

# બંદોબસ્તમાં તૈનાત પોલીસ જવાનોને મળેલા ફુડપેકેટમાં ફરિયાદો ઉઠી

### પાણીની બોટલ સહિત ૩૧૦૦ ફુડ પેકેટની વ્યવસ્થા કરવામાં આવી હતી : ફુડ પેકેટમાં સ્વીટ પણ હતી

ગાંધીનગર, તા.૧૪

જાપાનના પ્રધાનમંત્રી શિન્ઝો આબે અને ભારત દેશનાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગાંધીનગર-અમદાવાદની ૨ દિવસીય મુલાકાતે હતા. આ સમયે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા અને કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે બંદોબસ્ત માટે તૈનાત કરેલા પોલીસ જવાનો માટે તંત્ર દ્વારા ફુડ પેકેટ્સની વ્યવસ્થા કરવામાં આવી હતી. એક સ્વીટ અને પાણીની બોટલ સાથેનાં ફુડ પેકેટ્સનાં કોન્ટ્રાક્ટ બે કેટરર્સને અપાયા હતા. જે પૈકી એક કેટરર્સ દ્વારા ડીસ્ટ્રીબ્યુટ થયેલા ફુડ પેકેટ્સમાં ભોજન વાસી આવ્યુ હોવાની ફરિયાદો ઉઠી હતી.

મળતી માહિતી મુજબ પી.એમ બંદોબસ્તમાં સુરક્ષા વ્યવસ્થા માટે ખડકી દેવાયેલા પોલીસ કર્મીઓ માટે ૩૧૦૦ ફુડ પેકેટ્સનો ઓર્ડર બે કેટરર્સને આપવામાં આવ્યો હતો. ફુડ પેકેટમાં પાંચ રોટલી, બે શાક (સેવ-ટામેટા અને છોલે), દાળ-ભાત, કચુંબર અને એક સ્વીટ (ગુલાબ જાંબુ)નું મેન્યુ હતુ. આ ફુડ પેકેટ સાથે પાણીની બોટલ પણ આપવામાં આવી હતી. આફુડ પેકેટ્સનો ઓર્ડર બે કેટરર્સને આપવામાં આવ્યો હતો. જે પૈકી એક કેટરર્સનાં ફુડ પેકેટ્સમાં વાસી ભોજન આવી ગયુ હોવાની ફરિયાદો ઉઠી હતી. રાત્રે જ પેકીંગ કરીને પેકેટ્સ મુકી દેવાયા હોય તેવુ ફુડ હોવાની ફરિયાદો ઉઠી હોવાનું જાણવા મળ્યુ છે.

# રૂપાલ ગામેથી સ્વાઈન ફલુ પોઝીટીવનો દર્દી મળી આવ્યો

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે વધુ એક કેસ મળી આવ્યો છે. આ સાથે જિલ્લાના કેસોની સંખ્યા વધીને ૧૫૩ પર પહોંચી છે. ગાંધીનગર તાલુકાના રૂપાલ ગામેથી આ દર્દીને આજે પરિક્ષણ દરમિયાન સ્વાઈન ફલુ પોઝીટવ જણાતાં સારવાર માટે ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર તાલુકામાં આ સાથે સ્વાઈન ફલુના દર્દીની સંખ્યા વધીને ૬૦ પર પહોંચી છે. જિલ્લાના ૧૧ દર્દી હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. ૧૨૨ દર્દી સંપૂર્ણ રોગમુકત થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

જિલ્લામાં ચાલુ માસ દરમિયાન ૩૭ કેસ સામે આવ્યા છે. ઓગસ્ટ માસમાં ૧૦૦ કેસ સામે આવ્યા હતા. જિલ્લામાં રાજય કરતાં નોંધાયેલા દર્દીઓના મૃત્યુનું પ્રમાણ ઉંચુ જણાયું છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૭ મૃત્યુ નોંધાયા છે.


ખેલ મહાકુંભ ઓપન એજ ગૃપની બહેનોની જિલ્લા કક્ષાની હેન્ડબોલ સ્પર્ધા સે-૨૩ સ્વામિનારાયણ ગુરુકુલ ખાતે યોજવામાં આવી હતી. જેમાં કડી કેમ્પસની આર જી કન્યા શાળા તેમજ એસ બી પટેલની વિદ્યાર્થીનિઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યુ હતુ. સ્પર્ધામાં દ્રીતીય સ્થાન પ્રાપ્ત કરી રૂ ૧૨ હજારનુ રોકડ ઈનામ પ્રાપ્ત કર્યુ હતુ. ભાગ લેનાર ખેલાડીઓમાં માનસી સુનિલભાઈ ઠાકોક, ઝરણ મનસુખભાઈ ખુંટ, વાગ્મિ ચાણકય જોષી, ખુશી વિપુલચંદ્ર પટેલ જાન્વી ભરતભાઈ બ્રહ્મભટ્ટ તેમજ ઉર્વશી રમેશચંદ્ર જોષીએ ઈનામ પ્રાપ્ત કર્યુ છે. આ ખેલાડીઓને શાળાના વ્યાયામ શિક્ષક ઉર્વશી જોષીએ કોચિંગ આપ્યુ હતુ. વિજેતા ખેલાડીઓને શાળાના આચાર્ય સુધાબેન પટેલ, સુપરવાઈઝર મિતેષ પટેલ, ગીતાબેન પટેલ તેમજ હંસાબેન પટેલે અભિનંદન પાઠવ્યા છે.

સ્વચ્છ ભારત
એક પગલું સ્વચ્છતા તરફ

સત્યમેવ જયતે

મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન

સ્વચ્છ ભારત મિશન અર્બન
ગુજરાત


શ્રી નરેન્દ્રભાઈ મોદી
માનનીય વડાપ્રધાન

“સ્વચ્છતા એજ સેવા”
કાર્યક્રમમાં નાગરિકોને જોડાવા આમંત્રણ


શ્રી વિજયભાઈ રૂપાણી
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

તા. ૧૭-૯-૨૦૧૭
સેવા દિવસ
સવારના ૧૦-૦૦ થી ૧૨-૦૦ કલાક દરમિયાન શ્રમદાનના કાર્યક્રમ

તા. ૨૪-૯-૨૦૧૭
સમગ્ર સ્વચ્છતા
તમામ શહેરીજનો, ચુંટાયેલા પ્રતિનિધિશ્રીઓ, યુવાઓ, મહિલાઓ, બાળકો, સ્વચ્છતા એમ્બેસેડર તથા વોલન્ટીયર ગૃપને સામેલ કરી શ્રમદાન કાર્યક્રમ

તા. ૨૫-૯-૨૦૧૭
સર્વત્ર સ્વચ્છતા
શહેરની તમામ હોસ્પિટલ, બગીચાઓ, શૌચાલયો, પ્રતિમાઓ, બસ સ્ટેન્ડ, તળાવોની સાફ સફાઈ ઝુંબેશ કાર્યક્રમ

તા. ૧-૧૦-૨૦૧૭
શ્રેષ્ઠ સ્વચ્છતા
શહેરના તમામ અગત્યના જાહેર સ્થળો પર સફાઈ ઝુંબેશનો કાર્યક્રમ

તા. ૨-૧૦-૨૦૧૭
ગાંધી જયંતી
સ્વચ્છ ભારત દિવસ અને રાષ્ટ્રીય સ્વચ્છ ભારત એવોર્ડની ઉજવણી

“સ્વચ્છતા એ જ સેવા” સંકલ્પ દ્વારા આપણા શહેરને સ્વચ્છ અને સુંદર બનાવીએ.
શ્રી નીતિનભાઈ પટેલ, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

તા. ૧૫-૯-૨૦૧૭ થી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જન્મ દિવસ તા. ૨-૧૦-૨૦૧૭ સુધી સ્વચ્છતા પખવાડીયાની ઉજવણી